# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 02-09-2025** **Morning: 7.45 TO 7.55**
**Day : TUESDAY** **National News**

### સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

***************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જાપાન અને ચીનની તેમની બે દેશોની મુલાકાત બાદ સ્વદેશ પરત ફર્યા
2) સેમિકોન ઇન્ડિયા 2025 પરિષદનો દિલ્હીમાં આજથી પ્રારંભ -48થી વધુ દેશના પ્રતિનિધિઓએ ભાગ લેશે
3) સિંગાપોરના પ્રધાનમંત્રી લોરેન્સ વોંગ આજથી ત્રણ દિવસની ભારત મુલાકાતે
4) DGCAએ પહેલીવાર એર ઇન્ડિયા એરપોર્ટ સર્વિસીસ પ્રાઇવેટ લિમિટેડને સલામતી મંજૂરી આપી
5) ભારત માં બેડમિન્ટન વર્લ્ડ ચેમ્પિયનશિપની યજમાની કરશે2026

***************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

# SCO – SUMMIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જાપાન અને ચીનની તેમની બે દેશોની મુલાકાત સફળતાપૂર્વક પૂર્ણ કર્યા પછી નવી દિલ્હી પરત ફર્યા છે.

આ અગાઉ તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને SCO સમિટ દરમિયાન વિવિધ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગની ચર્ચા કરી અને દ્વિપક્ષીય સંબંધોમાં સતત થઈ રહેલી વૃદ્ધિ પર સંતોષ વ્યક્ત કર્યો.

## (બાઇટ – પીએમ - રશિયા)

પોતાના  પ્રારંભિક ભાષણમાં, શ્રી મોદીએ કહ્યું કે, નવી દિલ્હી અને મોસ્કો યુક્રેનમાં ચાલીરહેલા સંઘર્ષ પર સતત ચર્ચા કરી રહ્યા છે અને શાંતિ માટેના તાજેતરના તમામ પ્રયાસોનું સ્વાગત કર્યું છે. તેમણે યુક્રેન સંઘર્ષને વહેલામાં વહેલી તકે સમાપ્ત કરવા પર ભાર મૂક્યો.

આ બેઠક પહેલાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોતાના સંબોધનમાં શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) ના સભ્ય દેશોને તેના તમામ સ્વરૂપોમાં આતંકવાદ સામે નિર્ણાયક પગલાં લેવા હાકલ કરી.

પ્રધાનમંત્રીએ SCO માળખા હેઠળ સહયોગને મજબૂત બનાવવાના ભારતના અભિગમ સ્પષ્ટ કર્યો હતો. શ્રી મોદીએ નોંધ્યું કે ભારત ત્રણ સ્તંભો - સુરક્ષા, કનેક્ટિવિટી અને તક હેઠળ વધુ કાર્યવાહી ઇચ્છે છે. વિકાસને પ્રોત્સાહન આપવા અને વિશ્વાસ બનાવવા માટે કનેક્ટિવિટીની ભૂમિકા પર પ્રકાશ પાડતા, પ્રધાનમંત્રીએ જણાવ્યું કે ભારત ચાબહાર બંદર અને આંતરરાષ્ટ્રીય ઉત્તર-દક્ષિણ પરિવહન કોરિડોર જેવા પ્રોજેક્ટ્સને મજબૂત સમર્થન આપે છે.

પ્રધાનમંત્રી મોદીએ 23મા વાર્ષિક શિખર સંમેલન માટે ભારત તૈયાર હોવાનું જણાવ્યું હતું.

## (બાઇટ – પીએમ – શિખર સંમેલન )

. . . . . . . . . . . . .

# RAJNATH SINH

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ચીન મુલાકાતની પ્રશંસા કરી છે અને તેને વૈશ્વિક મંચ પર ભારતની રાજદ્વારી અને વ્યૂહાત્મક હાજરીને મજબૂત બનાવવા માટે એક મહત્વપૂર્ણ પગલું ગણાવ્યું છે.

સંરક્ષણ મંત્રીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું છે કે પ્રધાનમંત્રીની મુલાકાતથી શાંઘાઈ સહયોગ સંગઠન, SCO સાથે ભારતનું જોડાણ મજબૂત થયું છે.

તેમણે કહ્યું કે, આ મુલાકાત રાષ્ટ્રોના સમુદાયમાં ભારતની સ્થિતિને વધુ મજબૂત બનાવશે. તેમણે પ્રધાનમંત્રી મોદીને ચીનની તેમની અત્યંત ફળદાયી મુલાકાત બદલ અભિનંદન આપ્યા.

. . . . . . . . .

# PM - SEMICON INDIA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હી ખાતે સેમિકોન ઇન્ડિયા - 2025નું ત્રિ-દિવસીય પરિષદનું ઉદ્ઘાટન કરશે. 48 થી વધુ દેશોના બે હજાર 500 થી વધુ પ્રતિનિધિઓ આ પરિષદમાં ભાગ લેશે.

આ પરિષદ દેશમાં એક મજબૂત અને ટકાઉ સેમિકન્ડક્ટર માળખાને આગળ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. સેમિકોન ઇન્ડિયા આ માળખા અંતર્ગત સેમિકન્ડક્ટર ઉદ્યોગની પ્રગતિ, સંશોધન અને વિકાસમાં નવીનતાઓ અને કૃત્રિમ બુદ્ધિમતા, રોકાણની તકો, રાજ્ય-સ્તરીય નીતિ અમલીકરણ વગેરે વિષયો પર વિવિધ સત્ર યોજાશે.

પ્રધાનમંત્રી આવતીકાલે કોન્ફરન્સમાં પણ ભાગ લેશે. 48 થી વધુ દેશોના બે હજાર 500 થી વધુ પ્રતિનિધિઓ સહિત 20 હજારથી વધુ લોકો આ પરિષદમાં ભાગ લેશે.

. . . . . . . . . . . . .

# PM - SINGAPORE

સિંગાપોરના પ્રધાનમંત્રી લોરેન્સ વોંગ આજ સાંજથી ત્રણ દિવસની ભારત મુલાકાતે આવશે.

આ અંગે સાંભળીએ અમારા સંવાદદાતાનો એક અહેવાલ..

(બાઈટ -- VAISHNAVI---SINGAPORE)

. . . . . . . . . . . . .

# SATS

ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA) એ પહેલીવાર એર ઇન્ડિયા SATS એરપોર્ટ સર્વિસીસ પ્રાઇવેટ લિમિટેડ (AISATS) ને સલામતી મંજૂરી આપી છે.

આ સાથે, ભારત એશિયા પેસિફિક ક્ષેત્રમાં મલેશિયા પછી ICAO માર્ગદર્શિકા સાથે સુસંગત વ્યાપક માળખું ધરાવનાર બીજો દેશ બન્યો છે. DGCA એ કહ્યું છે કે, આ પગલું સમગ્ર ભારતમાં સલામતી વ્યવસ્થાપન પ્રણાલીઓ (SMS) ને મજબૂત બનાવવા અને ગ્રાઉન્ડ હેન્ડલિંગ કામગીરીમાં નિયમનકારી દેખરેખ વધારવાની તેની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવે છે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# ARMY-YUDH ABHYAS 25

ભારતીય સેનાની એક ટુકડી ભારત-અમેરિકા સંયુક્ત લશ્કરી કવાયત યુદ્ધ અભ્યાસ માટે અમેરિકાના અલાસ્કાના ફોર્ટ વેનરાઈટ ખાતે પહોંચી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે સોશિયલ મીડિયા પોસ્ટમાં આ માહિતી આપી હતી.

ભારત-અમેરિકા સંયુક્ત લશ્કરી કવાયતની 21મી આવૃત્તિ ગઈકાલે શરૂ થઈ હતી અને આ મહિનાની 14મી તારીખ સુધી ચાલુ રહેશે. બે અઠવાડિયા દરમિયાન, સૈનિકો હેલિબોર્ન ઓપરેશન્સ, સર્વેલન્સ સંસાધનોનો ઉપયોગ અને માનવરહિત હવાઈ પ્રણાલીઓ, પર્વતીય યુદ્ધ અને આર્ટિલરી, ઉડ્ડયન અને ઇલેક્ટ્રોનિક યુદ્ધ પ્રણાલીઓ વિવિધ વ્યૂહાત્મક કવાયતોનું રિહર્સલ કરશે.

. . . . . . . . . . .

# BWF

નવી દિલ્હી ઓગસ્ટ 2026 માં બેડમિન્ટન વર્લ્ડ ચેમ્પિયનશિપનું આયોજન કરશે.

બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશન (BWF) દ્વારા આજે પેરિસમાં 2025 ચેમ્પિયનશિપના સમાપન સમારોહ દરમિયાન આ જાહેરાત કરવામાં આવી હતી, જે 17 વર્ષ પછી ભારતમાં આ સ્પર્ધાનું આયોજન કરાશે.

. . . . . . . . . . .

# IMD WEATHER

ભારતીય હવામાન વિભાગે આજે દિલ્હી, હરિયાણા, ચંદીગઢ, છત્તીસગઢ, પૂર્વ રાજસ્થાન, ગંગા પશ્ચિમ બંગાળ, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, ઓડિશા, પંજાબ, ઉત્તરાખંડ અને ઉત્તર પ્રદેશમાં છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે.

દરિયાકાંઠાના આંધ્ર પ્રદેશ અને કર્ણાટક, ગુજરાત, ઝારખંડ, કોંકણ અને ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને સિક્કિમ સાથેના ઉત્તર-પૂર્વીય રાજ્યોના કેટલાક ભાગોમાં પણ આગામી 2-3 દિવસ દરમિયાન મધ્યમથી ભારે વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરાઇ  છે.

હવામાન એજન્સીએ આજે આંદામાન અને નિકોબાર ટાપુઓ અને ઉત્તર આંતરિક કર્ણાટકના કેટલાક ભાગોમાં વીજળીના ચમકારા અને તેજ પવન સાથે વાવાઝોડાની આગાહી પણ કરી છે

(બાઈટ -- WEATHER, PRAPHA)

. . . . . . . . . . . . . . . .

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરન મકવાણા

- આજના મોટાભાગના અખબારોએ ચીનમાં યોજાયેલી SCO સમિટના સમાચારને મુખ્ય શીર્ષકમાં લીધા છે.
- સંદેશનું મુખ્ય શિર્શક છે શહબાજ શરીફની હાજરીમાં જ પીએમ મોદીએ આતંકવાદનો મુદ્દો ઉઠાવી પાકિસ્તાનને રોકડું પરખાવ્યું , ભારતની મોટી જીત SCOમાં પહેલગામ હુમલા ની આકરી નિંદા
- ગુજરાત સમાચારે ભારત રશિયાની દોસ્તી વિશ્વ શાંતિ માટે પથદર્શક :મોદી આ સમાચારને  મુખ્ય શીર્ષક બનાવ્યું છે
- દિવ્ય ભાસ્કરનુ મુખ્ય શીર્ષક છે – તાકાતની ત્રિપુટી.... પીએમ મોદી-પુતિન-ઝિનપિંગ સાથે, મોદી-પુતિનની કારમાં સિક્રેટ ટોક..... પાક-પીએમ શહબાઝ સાઈડલાઈન... મિલે સુર મેરા તુમ્હારા તો સુર બને હમારા
- નવ ગુજરાત સમય લખે છે - SCO :ટ્રમ્પ સામે મોરચો, ત્રાસવાદની લડાઈમાં ભારતને ટેકો
- ફૂલ છાપ લખે છે –ત્રિશક્તિમાં ટ્રમ્પને દેખાવા લાગી ‘આફત’
- હિન્દી અખબાર રાજસ્થાન પત્રિકાએ- ચીન મેં છા ગયે પીએમ મોદી એસસીઓને કી પહેલગામ હમલે કી નિંદા,સિર ખુજાતે દિખે શરીફ
- આ ઉપરાંત શિક્ષકો માટે ટેટ પાસ કરવુ ફરજિયાત, અફઘાનિસ્તાનમાં વિનાશક ભૂકંપથી 800ના મોત
- અને ઓગસ્ટ માસમાં 1.86 લાખ કરોડની જીએસટી વસુલાતના સમાચાર પહેલા પાને જોવા મળી રહ્યા છે
- ગુજરાત સમાચાર છેલ્લા પાને લખે છે - મેટ્રો રેલ આખરે નફાના ટ્રેક પર દોડવા માંડી: રૂપિયા 249 કરોડનો નફો

. . . . . . . . .